# ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ

**પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,બ્લોક નં.૧૨ પહેલો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.**

## વિદ્યાસહાયક (ધોરણ ૬ થી ૮ – ગુજરાતી માધ્યમ) ભરતી વર્ષ ૨૦૨૪

## કામચલાઉ મેરીટયાદી (PML-2)

જિલ્લા/નગર શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓમાં વિદ્યાસહાયક (ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ – ગુજરાતી/અન્ય માધ્યમ) વર્ષ ૨૦૨૪ ની જગ્યાઓ મેરીટના ધોરણે ભરવા મેરીટયાદી તૈયાર કરવા માટે તા.૦૧/૧૧/૨૦૨૪ ના રોજ વર્તમાનપત્રોમાં જાહેરાત ક્રમાંક (૦૩/૨૦૨૪, ૦૪/૨૦૨૪ અને ૦૫/૨૦૨૪) થી જગ્યા ભરવા જાહેરાત આપીને ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓન–લાઇન અરજીઓ માંગવામાં આવેલ હતી. જેના અનુસંધાને ઉમેદવારોની કામચલાઉ મેરીટયાદી પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. ત્યારબાદ નામ. ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ SCA ૪૬૨૧/૨૦૨૫ માં ઉચ્ચ પ્રાથમિક વિભાગ(ધોરણ ૬ થી ૮)ના ઉમેદવારો કે જેઓએ જ્ઞાન સહાયક કે અન્ય ચાલુ નોકરી દરમિયાન કોઈ રેગ્યુલર અભ્યાસ કરેલ હોય તેવા ઉમેદવારો સંદર્ભે પીટીશનરોની રજુઆત સંદર્ભે જરૂરી નિર્ણય લેવા સારૂ નામ. કોર્ટના આદેશ થયેલ છે તેમજ અત્રેની કચેરીને પણ આ સંદર્ભે મળેલ રજુઆતો અનુલક્ષીને ઉચ્ચ પ્રાથમિક વિભાગ(ધોરણ ૬ થી ૮)ના ઉમેદવારો કે જેઓએ જ્ઞાન સહાયક કે અન્ય ચાલુ નોકરી દરમિયાન કોઈ રેગ્યુલર અભ્યાસ કરેલ હોય તેવા ઉમેદવારો જો તેવી કોઈ લાયકાતના ગુણ સ્વેચ્છાએ દૂર કરાવવા મળેલ અરજીઓ સંદર્ભે તેઓના ગુણ દૂર કરી નવેસરથી કામચલાઉ મેરીટયાદી(PML-2) https://vsb.dpegujarat.in વેબ સાઇટ ઉપર તા.૧૦/૦૭/૨૦૨૫ ના રોજ બપોરે ૧૮.૦૦ કલાકે પ્રસિધ્ધ કરવામાં આવનાર છે. ઉમેદવાર મેરીટ માટે લૉગિન પર ક્લીક કરી તેમના અરજીપત્રક પર દર્શાવેલ TET પરીક્ષાનો નંબર અને વર્ષ, પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક, મોબાઈલ નંબર અને પાસવર્ડ એન્ટર કરવાનો રહેશે. મેરીટક્રમ જોવા માટે લૉગિનમાં મુકેલ મેરીટની લીંક પર ક્લીક કરવાથી પોતાનો મેરીટક્રમ અને મેરીટ વેબ સાઇટ ઉપર જોઇ શકશે. ત્યારબાદ વાંધા અરજી લખેલી લિંક પર ક્લીક કરવાથી ઉમેદવારના અરજીપત્રકની જરૂરી તમામ વિગત જોઈ શકાશે.

(1) ઉમેદવારો તેઓના નામ, લાયકાત, કેટેગરી અને મેરીટ ગુણ વગેરેમાં જો કોઇ ક્ષતિ હોય તો ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તા.૧૦/૦૭/૨૦૨૫ થી તા.૧૨/૦૭/૨૦૨૫ દરમ્યાન તમામ ઉમેદવાર ઓન–લાઇન સુધારા પત્રક (વાંધા અરજી) ની પ્રિન્ટ મેળવી શકશે. આ સુધારા પત્રકમાં તમારી વિગત દર્શાવેલ છે તેમાં જો કોઇ સુધારો કરવાપાત્ર હોય તો જ સુધારા પત્રકમાં વિગત સુધારી જરૂરી આધારો સાથે વાંધા અરજી સ્વીકાર કેન્દ્ર પર તા.૧૧/૦૭/૨૦૨૫ થી તા.૧૨/૦૭/૨૦૨૫ ના રોજ ૧૧.૦૦ થી ૧૮.૦૦ કલાક સુધી આપવાની રહેશે. સુધારા પત્રકમાં નવી વિગતો ઉમેરી શકાશે નહી.

(2) જે વિગતોનો સુધારો કરવાનો હોય તેના સમર્થનમાં જરૂરી આધાર પુરાવા જોડી સુધારા પત્રક (વાંધા અરજી) ઉમેદવાર પ્રથમ અરજીપત્રક સબમીટ કરાવેલ સ્વીકાર કેન્દ્ર ઉપર રૂબરૂ જઇને જમા કરાવી શકશે. સુધારામાં રજૂ કરેલ વિગતના અસલ પુરાવા (પ્રમાણપત્ર) સિવાય વાંધા અરજી કોઇ પણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી તેની ખાસ નોંધ લેવી. વાંધા અરજી અન્વયે કરેલ સુધારા જાહેરાતના સંદર્ભમાં સુસંગત હશે તો જ ગ્રાહ્ય રાખી સુધારો કરવામાં આવશે.

(3) ફાઇનલ મેરીટયાદી અને મેરીટમાં આવતાં ઉમેદવારો માટે કોલ લેટર વિગેરે માટેની સુચનાઓ હવે પછી વેબ સાઇટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે. તેથી ઉમેદવારોએ ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી નિયમિત https://vsb.dpegujarat.in વેબ સાઇટ જોતા રહેવું.

તા.૧૦/૦૭/૨૦૨૫
સ્થળ: ગાંધીનગર

ડૉ. એમ.આઇ.જોષી
અધ્યક્ષ
ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ
અને પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુજરાત રાજ્ય ગાંધીનગર